જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૨/૦૭/૨૦૧૮ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૪૮/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૩૭ કેસ કરી, ૧૧૬ વ્યક્તિઓને ઝડપી, ૫૮૩ લીટર દેશી દારૂ, ૧૧૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૫ કવૉટર ઇંગ્લીશ દારૂ, ૦૧ રીક્ષા અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૯ કેસ કરી ૪૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૦,૫૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૪૯/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૩૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૧૨૫૦ /૧૮**

**ગુજરાત યુનિવર્સિટીઃ** દિલીપભાઇ પરષોતમભાઇ કાનાણી (ઉ.વ.૫૦) (રહે. સેટેલાઇટ એપાર્ટમેન્ટ કામેશ્વર સ્કુલ સામે જોધપુર ચાર રસ્તા સેટેલાઇટ) એ તા.૦૧/૦૭/૧૮ નારોજ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે તા.૧૧/૬/૧૮ થી તા.૨૮/૬/૧૮ સુધીના સમયગાળા દરમ્યાન ગુલબાઇ ટેકરા અર્બુદા એપાર્ટમેન્ટ, પાસપોર્ટ ઓફીસ પાસે મે.કેમ્બે એરોમેટીક્સ, ડી/૪ ખાતે દિલીપભાઇ કાનાણીની ઓફીસના કોમ્પ્યુટરમાં ઇ-મેઇલ એડ્રેસ ઉપર કોઇ અજાણી વ્યક્તિએ તરુણભાઇ શાહના ઇ-મેઇલ એડ્રેસને મળતુ ઇ-મેઇલ એડ્રેસ accountsrawji.in@mail.com નુ બોગસ આઇ.ડી. બનાવી. જે આઇ.ડી. આધારે તરુણભાઇ શાહની EAGLE WINGS ENTERPRISES LLP ના નામથી રકમની ઉઘરાણી કરતો મેસેજ કરી બેંક ડીટેલ્સ બદલીને રૂપિયા ૫,૯૩,૩૬૮/- મેળવી લઇ છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એન.ચૌધરી ચલાવે છે.

**ઓઢવઃ** લક્ષ્મણભાઇ વિરસીંહભાઇ કુશ્વાહ (ઉ.વ.૩૦) (રહે. ગીરીકુંજ વિભાગ-૦૧ મહાકાળી મંદિર પાસે માતૃછયા સ્કુલ રોડ રાજેન્દ્રપાર્ક રોડ ઓઢવ) એ તા.૦૧/૦૭/૧૮ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે સને ૨૦૧૬ થી માહે જુલાઇ ૨૦૧૭ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) ગૌરીશંકર ગૌડ (રહે. ત્રીકમલાલ ભોગીલાલની ચાલી અજીતમીલ પાસે રખિયાલ) (૨) રામરાજ શર્મા (રહે. ભીલવાડા અમદાવાદ) અને (૩) પ્રમોદ વિશ્વકર્મા (રહે. ગુરુદ્વારા પાસે ઓઢવ) એ ભેગા મળી ઓઢવ સાગર કેમીકલ પાછળ સીંગરવા ગામની સર્વે નં ૨૫ વાળી જમીનમાં ગૌરીનંદન ડેવલોપર્સ નામથી ૧૧૯ પ્લોટની સ્કીમ મુકી સસ્તામાં પ્લોટ આપવાની લાલચ આપી ગ્રાહકો પાસેથી કુલ રૂપિયા ૧,૦૩,૨૯,૦૦૦/- મેળવી લઈ પ્લોટ નહી આપી છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.જી.જાડેજા ચલાવે છે.

**ઘરફોડ ચોરી :-** **સમાચાર યાદી નં.૧૨૫૧ /૧૮**

**રામોલઃ** મુકેશભાઇ ડાહ્યાભાઇ પંચાલ (રહે. રામેશ્વર પાર્ક સોસાયટી કાકા ભાજીપાઉ પાછળ રામેશ્વર પાર્ક) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧/૭/૧૮ કલાક ૨/૩૦ થી ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાની ચેઇન કિમત રૂપિયા ૨૦,૦૦૦/-, સોનાની વિટી નંગ-૨ કિમત રૂપિયા ૪૫,૦૦૦/-, જુના રાણી છાપ સિક્કા નંગ-૧૫ કિમત રૂપિયા ૧૫,૦૦૦/-, ચાંદીના સિક્કા કિમત રૂપિયા ૮૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૧,૫૦૦/- મળી કુલ રૂપિયા ૯૯,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ઓ.ભરવાડ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૨૫૨/૧૮**

**રીવરફ્રન્ટ ઇસ્ટઃ** ઉમેશ બાબુભાઇ ઓડ (ઉ.વ.૨૧) (રહે. જુના વાડજ બસ સ્ટેશન પાછળ ઓડનો ટેકરો) એ અગમ્ય કારણસર તા.૧/૭/૧૮ સાંજના ૫/૦૦ વાગ્યા પહેલા દધીચી બ્રિજ નીચે રીવરફ્રન્ટ વોક વે મા ઇલેકટ્રિક પોલ નજીક નદીમાં પડી આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મોતીભાઇ તળજાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.